75 Azadi Ka Amrit Mahotsav

# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION


CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જૂન 30, ૨૦૨૨ • અષાઢ સુદ ૧ • સંવત ૨૦૭૮



Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)


**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State


**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State
for NRGs (Independent Charge),
Govt. of Gujarat


**Shri Dhananjay Dwivedi(I/C), IAS**
Hon'ble Chairman, GSNRGF
Secretary (NRI),
Govt. of Gujarat


**Shri Vikramsinh Jadav**
Director
GSNRGF

Contact Address
**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF


FOR PRIVATE CIRCULATION ONLY

## દેશના પ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્કના વિકાસ કામોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે મહીસાગર જીલ્લાના રૈયોલીમાં ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા રૂ.૧૬.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા દેશના સૌ પ્રથમ અને વિશ્વના ત્રીજા ફોસીલ પાર્ક – 'ડાયનાસોર મ્યુઝિયમ ફેઇઝ-૨'ના વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું. આ તકે મુખ્યમંત્રીશ્રી તથા મહાનુભાવોએ ડાયનાસોર મ્યુઝિયમની મુલાકાત લઈ ૫-ડી થિયેટર, ડિજિટલ ફોરેસ્ટ, ૩૬૦ ડિગ્રી વર્ચ્યુઅલ રિયાલિટી, એક્સપેરીમેન્ટ લેબ, સેમી સર્ક્યુલર પ્રોજેક્શન, મૂડ લાઈટ, ૩-ડી પ્રોજેક્શન મેપિંગ સહિત હોલોગ્રામનું જીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ અને પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળ્યો છે. ગુજરાત આજે



વિશ્વના નકશામાં મહત્વના પ્રવાસન કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે. રૈયોલી ખાતે નિર્માણ પામેલા આ ડાયનાસોર મ્યૂઝિયમ દ્વારા ગુજરાતની ધરતીના ગૌરવની વધુ એક ઝાંખી હવે વિશ્વ નિહાળશે તેમ તેમણે ઉમેર્યું હતું. (Source : https://cmogujarat.gov.in)

## મુખ્યમંત્રીશ્રી સાથે મુંબઇ સ્થિત કેનેડાના કોન્સ્યુલ જનરલની મુલાકાત




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત કેનેડાના મુંબઇ સ્થિત કોન્સ્યુલ જનરલ સુશ્રી દિરાહ કેલીએ લીધી હતી. કેનેડા-ભારત અને ગુજરાત વચ્ચેના પરસ્પર ઉષ્માપૂર્ણ સંબંધો અને ખાસ કરીને શિક્ષણ, ઔદ્યોગિક રોકાણો તેમજ ગ્રીન એન્વાયરમેન્ટ, કલીનટેક જેવા વિષયોમાં સહભાગીતાની તકો વિશે આ બેઠકમાં ફળદાયી પરામર્શ તેમણે કર્યો હતો. સુશ્રી કેલીએ ગુજરાતના લાખો વિદ્યાર્થીઓ કેનેડામાં અભ્યાસ માટે જાય છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

(Source : https://cmogujarat.gov.in)

## ધોલેરામાં ન્યુ ગ્રીનફિલ્ડ એરપોર્ટ ફેઇઝ-૧ માટેના ૧૩૦૫ કરોડ રૂપિયા મંજૂર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના અધ્યક્ષસ્થાને મળેલી આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ ધોલેરામાં ન્યૂ ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકાસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને રૂ. ૧૩૦૫ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવા મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ આગામી ૪૮ મહિનામાં પૂર્ણ કરવાનો રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના સર્વગ્રાહી વિકાસને નવી દિશા અને ગતિ આપનારા આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને મંજૂરી આપવા માટે વડાપ્રધાનશ્રીનો આભાર માનતા જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રીએ દેશના ગ્રોથ એન્જિન એવા ગુજરાતમાં આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને મંજૂરી આપતાં મલ્ટિમોડેલ કનેક્ટીવીટી અને પી.એમ ગતિશક્તિના ભવિષ્યલક્ષી આયોજન સફળતાપૂર્વક રીતે સાકાર થઇ શકશે. (Source : https://cmogujarat.gov.in)

## ગુજરાતી સેન સમાજ નાગડાની નવી કારોબારીની રચના




મધ્યપ્રદેશના નાગડા સ્થિત ગુજરાતી સેન સમાજની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિતેન્દ્ર ડાબી પ્રમુખ પદ માટે ચૂંટાયા હતા. ડાબીએ સમાજને મજબુત રીતે સંગઠિત કરી સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં અગ્રેસર સ્થાને પહોંચાડવાના વચન સાથે નવી કારોબારી સમિતિની રચના કરી હતી. જેમાં ઉપપ્રમુખ લાલચંદ્ર કેલવા, સેક્રેટરી અશોક રાઠોડ, સહ સચિવ દીપક ભાટી, ખજાનચી દીપેશ સોલંકી વગેરેની નિમણૂક કરવામાં આવી હતી. મહિલા મંડળની કારોબારી સમિતિમાં પ્રમુખ રાજકુમારી પરમાર અને ઉપપ્રમુખ અંગૂરબાલા રાઠોડ તેમજ સંગીતા ચૌહાણને સામેલ કરાયા હતા.

(Source: www.bhaskar.com)

## ક્વીન દ્વારા મૂળ ગુજરાતી અશોક જે. રાભેરુને અતિ પ્રતિષ્ઠિત KCVOની નવાજેશ



સૌરાષ્ટ્રમાં પારિવારિક મૂળિયાં ધરાવતા ચેરિટી સપોર્ટર અને IT ચીફ અશોક જીવરાજ રાભેરુને ક્વીન એલિઝાબેથ દ્વિતીયના જન્મદિનના ઓનર્સ લિસ્ટ ૨૦૨૨માં નાઈટહૂડની નવાજેશ કરાઈ છે. ડ્યૂક ઓફ એડિનબરા યુકે એવોર્ડ્સ સંબંધિત ૨૫ વર્ષથી વધુ સમયની કામગીરીની કદરરૂપે તેમને નાઈટ કમાન્ડર ઓફ ધ રોયલ વિક્ટોરિયન ઓર્ડર (KCVO)ના બિરુદથી સન્માનિત કરવામાં આવ્યા છે. ટાન્ઝાનિયામાં ૧૯૫૨માં જન્મેલા અશોક રાભેરુએ ૧૫ વર્ષની વયે યુકેમાં સ્થળાંતર કર્યું અને ૧૯૮૫માં જેનિસીસ ગ્રૂપ ઓફ IT સર્વિસીસ કંપનીની સ્થાપના કરી જે આજે ત્રણ ખંડોમાં ઓફિસો અને ૧૧૦૦થી વધુનો સ્ટાફ ધરાવે છે.

(Source: www.gujarat-samachar.com)

## ગુજરાતી મ્યુઝિકલ ગ્રુપ-રાયપુર દ્વારા ગાયન સ્પર્ધા યોજાઇ



ગુજરાતી મ્યુઝિકલ ગ્રુપના નેજા હેઠળ છત્તીસગઢ, રાયપુર સ્થિત દયા ભવન, દેવેન્દ્ર નગર ખાતે ગાયન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો, યુવાનો અને સિનિયર સીટીઝન એમ ત્રણ કેટેગરીમાં ૩૦ સ્પર્ધકોએ ગાયન પ્રસ્તુતિ કરી હતી. ૭૨ વર્ષીય પ્રકાશભાઈ કોટકે પ્રથમ ઇનામ જીત્યું હતું. મોનિકા ટાંક બીજા ક્રમે રહ્યા. વર્ગ-અમાં વિવેક વ્યાસ પ્રથમ જ્યારે સાકેત પરમાર બીજા ક્રમે રહ્યા હતા. બ-વર્ગમાં, દિવ્યાંશ વ્યાસ પ્રથમ અને મિનલ બેન સોમૈયા દ્વિતીય ક્રમે રહ્યા હતા. વિજેતાઓને સ્વ. રમણીકભાઈ રાયચુરાની સ્મૃતિમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

(Source: www.naidunia.com)

## ધમતરી ખાતે જલારામ બાપા મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા સમારોહ ઉજવાયો



છત્તીસગઢના ધમતરી ખાતે ૪ જૂનના રોજ જલારામ બાપા મંદિરને ૨૦ વર્ષ પૂર્ણ થતાં જલારામ બાપા મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા ઉજવવામાં આવી હતી. કાર્યક્રમમાં પૂજા-અર્ચના, રાજભોગ આરતી અને ભજનનું આયોજન કરાયું હતું. યજમાન ભાવિકા અને મેહુલ પોપટ, કોમલ અને મનીષ તન્ના અને યુક્તિ અને મયુર ગાંધીએ હવન પૂજામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જલારામ મંદિર ટ્રસ્ટના અધિકારીઓ સાથે ગુજરાતી સમાજ અને ગુજરાતી મહિલા મંડળના સભ્યોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે રાજ્યના આબકારી મંત્રી કવાસી લખમા હાજર રહ્યા હતા.

(Source: www.naidunia.com)

## ગુજરાતી એજ્યુકેશન સોસાયટીની કારોબારીની રચના




મહારાષ્ટ્રના અમરાવતી શહેર અને જિલ્લા સહિત સમગ્ર વિદર્ભમાં શિક્ષણ ક્ષેત્રે ખ્યાતનામ 'ધ ગુજરાતી એજ્યુકેશન સોસાયટી'ની નવી કારોબારીની રચના ૨૫ જૂને થઈ જેમાં સુરેશભાઇ રાજા અધ્યક્ષ તરીકે અને સીએ નિલેષ લાઠીયા ઉપાધ્યક્ષ તરીકે સર્વસંમતિથી ચૂંટાઈ આવ્યા હતા. ઉપરાંત ૧૨ કાર્યકારી સભ્યોની ચૂંટણી આગામી ૩ જુલાઇએ યોજાશે. ધ ગુજરાતી એજ્યુકેશન સોસાયટીમાં ત્રણ વર્ષના કાર્યકાળ માટે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ સહિતની કારોબારી ચૂંટવામાં આવે છે. સોસાયટીની પ્રણાલી પ્રમાણે કારોબારીમાં પૂર્વ અધ્યક્ષ દિલીપભાઇ પોપટનો પણ સમાવેશ કરવામાં આવશે.

(Source: https://mandalnews.com)

## પાટીદાર સમાજ ચોરાસીની કારોબારી સમિતિની રચના

રાજસ્થાનના ડુંગરપુર ખાતે ગુજરાતી પાટીદાર સમાજ ચોરાસી વિસ્તારની સામાજિક સભા સમાજ ભવન, તહસીલ કચેરી પાસે યોજવામાં આવી હતી. જેમાં સમુહ લગ્ન સમિતિ અને સામાજિક સમિતિની નવી કારોબારી સમિતિની રચના ગૌતમલાલ પાટીદારની અધ્યક્ષતામાં અને સંરક્ષક કુબેરલાલ કિશનપુરાના મુખ્ય આતિથ્યમાં ચૂંટણી અધિકારી પ્રવીણ પાટીદાર અને અમૃતલાલ પાટીદારની આગેવાની હેઠળ સમાજના લોકોની હાજરીમાં કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ રામલાલ પાટીદાર, સંરક્ષક ગૌતમલાલ પાટીદાર, ઉપપ્રમુખ ધુલજી પાટીદાર, સેક્રેટરી દિનેશ પાટીદાર અને ખજાનચી કુરાલાલ પાટીદાર સહિત સંગઠન મંત્રી કચરૂલાલ પાટીદાર, ઉપરાંત સમુહ લગ્ન સમિતિના પ્રમુખ અમૃતલાલ પાટીદાર અને અન્યની પણ વરણી કરવામાં આવી હતી.

(Source: www.bhaskar.com)

# ગુજરાત બહાર વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાને સમાજ ભવનના નિર્માણ માટે ગુજરાત સરકાર દ્વારા આર્થિક સહાય

ગુજરાત સરકાર દેશવિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી છે.

રાજ્ય સરકાર દ્વારા કરાયેલ ઠરાવની જોગવાઈઓ અનુસાર અન્ય રાજ્યમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને નિશ્ચિત શરતોને આધીન ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, ખરીદી કે વિસ્તરણ હેતુ માટે તથા મરામત, સમારકામ કે નવીનીકરણના ખર્ચ પેટે આર્થિક સહાય મંજૂર કરવા ઠરાવેલ છે. અગાઉ આ ઠરાવની જોગવાઇ અન્વયે સમાજ ભવનના બાંધકામ માટે સંભવિત ખર્ચના ૨૫ ટકા અથવા રૂપિયા ૨૨ લાખ બેમાંથી જે ઓછું હોય, તે મુજબ આર્થિક સહાય મંજૂર કરવામાં આવતી હતી.

તા, ૩૦-૮-૨૦૧૯ના ઠરાવથી આ જોગવાઇઓમાં સુધારો કરવામાં આવ્યો છે, જે મુજબ હવે સમાજ ભવનના બાંધકામ માટે વધુમાં વધુ ૪૦ લાખ રૂપિયા અથવા ખરેખર ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછી હોય તે રકમ સહાય તરીકે મંજૂર કરવાની અને મંજૂર થયેલ સહાય પૈકી બાંધકામ લિન્ટલ લેવલ સુધીનું થાય ત્યારે મંજૂર થયેલ સહાયની ૫૦ ટકા રકમ અને બાકીની ૫૦ ટકા રકમ બાંધકામનું કાર્ય પૂર્ણ થયા અંગેનું પ્રમાણપત્ર રજૂ કર્યા પછી ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારે બિન નિવાસી ગુજરાતીઓ પ્રત્યે હંમેશા ઉદાર ભાવના દાખવી મહત્વના નિર્ણયો કર્યાં છે. અન્ય રાજ્યમાં આવેલ ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ. ૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારે અત્યાર સુધીમાં દેશના ૯ રાજ્યોમાં આવેલા ૨૨ ગુજરાતી સમાજોને સમાજ ભવનના નિર્માણ કે મરામત માટે અંદાજિત રૂ. ૧ કરોડ ૯૦ લાખની સહાય ચૂકવી છે. છેલ્લા ૨ વર્ષમાં છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ, આસામના ગૌહાટી ખાતેના ગુજરાતી સમાજ, આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેના ગુજરાતી સમાજ અને ઓરિસ્સાના ભદ્રક ખાતેના ગુજરાતી સમાજ માટે આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ સહાય કેટલીક શરતોને આધિન આપવામાં આવે છે, જેવીકે:

- આ સમાજ ભવનનો ઉપયોગ મૂળ ગુજરાતની કોઈ પણ વ્યક્તિને નાત, જાત, ધર્મ કે અન્ય ભેદભાવ સિવાય કરવા દેવાનો રહેશે.
- ઉક્ત સમાજ ભવનનો ઉપયોગ સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, કલા વિષયક અને કલ્યાણકારી પ્રવૃતિઓ માટે જ કરવાનો રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કામ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું રહેશે.
- સમાજ ભવનના બાંધકામનું કાર્ય પૂર્ણ થયે ખરેખર થયેલ ખર્ચની વિગતો રજૂ કરવાની રહેશે.
- આ સહાય મળી ગયા બાદ પણ સંસ્થાએ તેના વાર્ષિક હેવાલ નિયમિત રીતે ગુજરાત સરકારને મોકલવાના રહેશે.
- આ સંસ્થાનું વિસર્જન થાય ત્યારે તેના મકાનના યોગ્ય નિકાલ વખતે સંસ્થાએ ગુજરાત સરકારનો સંપર્ક સાધવાનો રહેશે અને ગુજરાત સરકારે આપેલ સહાયની રકમ વેચાણ કિંમતમાંથી પરત કરવાની રહેશે.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર



બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.

- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ
### ઓનલાઈન મેળવો



બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડૉલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.



# પાવાગઢ


## નવનિર્મિત મહાકાળી મંદિર

પાવાગઢ શિખર પર જગતજનની મા કાલિકા દેવી સાક્ષાત મહાશક્તિ રૂપે બિરાજમાન છે. શક્તિ સ્વરૂપા મા કાલિકાનું આ પવિત્ર મંદિર હજારો વર્ષ પુરાણું મનાય છે. આધ્યાત્મિક મત પ્રમાણે હજારો વર્ષ પૂર્વે આર્ષદૃષ્ટા યુગપુરુષ મહર્ષિ વિશ્વામિત્ર ઋષિએ સ્વહસ્તે મા કાલિકાને અહીં પર્વતની છેક ટોચે પ્રસ્થાપિત કર્યા હતા. હજારો વર્ષોથી પ્રાચીન ભારતવર્ષમાં જે બાવન શક્તિપીઠ પ્રસ્થાપિત થયેલી છે તેમાં આ પવિત્ર પર્વતનો પણ અગ્રણી ધર્મસ્થાન તરીકે સમાવેશ થવા પામ્યો છે. ગુજરાતની ત્રણ પ્રમુખ શક્તિપીઠ અંબાજી, કાલિકા અને બહુચરાજી મનાય છે તેમાંની એક કાલિકા શક્તિપીઠ પાવાગઢ પર સ્થિત છે. અહીં પાવાગઢ પર્વતની ટોચ ઉપર દેવી સતીના જમણા પગની આંગળીઓ પડી હોવાની ધાર્મિક પરંપરા છેક પ્રાચીન સમયથી આપણે ત્યાં સ્થાપિત થયેલી છે. પરિણામે આ પવિત્ર પર્વતીય તીર્થસ્થળ પર પ્રતિવર્ષ લાખોની સંખ્યામાં ભાવિક શ્રદ્ધાળુ માના દર્શને આવે છે.

જગદંબા શ્રી કાલિકાને અનાદિ સ્વરૂપા આદ્ય વિદ્યા બ્રહ્મસ્વરૂપીણી અને કલ્યાણી માનવામાં આવે છે. ઇ.સ.ની ૧૪મી સદીથી ૧૫મી સદીના અંત સુધી પાવાગઢ – ચાંપાનેર પર રાજપૂત રાજવીઓની હકૂમત હતી. ચાંપાનેરના રાજવીઓ પોતે દિલ્હી સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણના વંશજો તરીકે ગૌરવ અનુભવતા હતા. રાજવી પરિવાર અને પ્રજાજનો સૌ પરસ્પર પ્રેમભાવ અને ગાઢ સહકારથી જીવન વ્યતીત કરતા હતા. મા કાલિકા રાજવી પરિવારની કુળદેવી હોવાથી વાર-તહેવારે ભવ્ય ઉજવણી કરવામાં આવતી. મંદિરોને અતિ સુંદર રીતે શણગારવામાં આવતા. માતાજીના મંદિરના ભવ્ય શિખર ઉપરના મુખ્ય ધ્વજદંડ પર સુવર્ણ-રૂપેણી જરીથી મઢેલી કિનારીવાળી વિશાળ ધજા રાજવી પરિવાર દ્વારા ફરકાવવામાં આવતી.

પરંતુ અંદાજિત ૫૦૦ વર્ષ પહેલાં મોહમ્મદ બેગડાએ પાવાગઢ પર આક્રમણ કર્યું જે સામે રાજવીઓએ સત્તા ગુમાવી. બેગડા દ્વારા કાલિકા માતાના મંદિરના શિખર અને ધજાનો ધ્વસ્ત કરવામાં આવ્યો. નોંધનીય છે કે પાવાગઢમાં માતાજીના મંદિરનું શિખર સદીઓથી ખંડિત હાલતમાં હતું અને હિન્દુ માન્યતાઓ અનુસાર ખંડિત શિખરની ઉપર ધજા ચડાવી શકાય નહીં.

આ ઘટનાને પાંચ શતાબ્દી વીતી ગઈ. તાજેતરમાં જ પાવાગઢના આ કાલિકા મંદિરનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું અને પ્રધાનમંત્રી





પાવાગઢનું જૂનું મંદિર




શ્રી નરેન્દ્ર મોદી દ્વારા નવનિર્મિત શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું. મંદિરના પુનર્નિર્માણ માટે પહાડની ટોચ વિશાળ બનાવી મોટા પરિસરનો પાયો બનાવવામાં આવ્યો છે. પરિસરમાં પહેલા અને બીજા માળે આનુષંગિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. માતાના ગર્ભગૃહમાં મૂળ સ્થાપન યથાવત રાખી સંપૂર્ણ મંદિર નવું બનાવવામાં આવ્યું છે. મુખ્ય મંદિર અને ચોક વિશાળ અને સુંદર બનાવાયો છે. નવનિર્મિત મહાકાળી મંદિરમાં ગર્ભગૃહ, કળશ અને ધ્વજાદંડ સંપૂર્ણપણે સોનામાંથી બનાવવામાં આવેલ છે. મંદિરની ઉપર ૭.૫ કરોડ રૂપિયાના ખર્ચે કળશ અને ધ્વજાદંડની સ્થાપના કરવામાં આવી છે. જૂના મંદિરમાં માતાજીના શિખરની જગ્યાએ દરગાહ હતી તે સમજાવટથી એક ખૂણામાં અલગ કરી નવું શિખર બનાવી તેના પર ધ્વજદંડ પુનઃ સ્થાપિત કરવામાં આવ્યો છે.

ઉપરાંત માંચીથી રોપવે સ્ટેશન સુધી ૨૨૦૦ પગથિયાંનું પણ પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. પગથિયાં વિશાળ કરવામાં આવ્યા છે. રોપવે સ્ટેશનથી દુધિયા તળાવ થઈને માતાજીના મંદિર સુધીના ૫૦૦ પગથિયાં પણ નવા બનાવાયા છે. બીજી પણ ઘણી સુવિધાઓ ઉમેરાઈ છે. મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય અંદાજિત ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે મંદિર ટ્રસ્ટ દ્વારા સંપન્ન કરવામાં આવ્યું છે. મંદિરની રચના શ્રીયંત્રના આકારમાં કરવામાં આવી છે. મંદિર સિવાયના સમગ્ર સંકૂલના વિકાસકામો માટે અંદાજિત ૧૨૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે જેમાં ૭૦ ટકા ગુજરાત સરકારના પવિત્ર યાત્રાધામ બોર્ડ દ્વારા અને ૩૦ ટકા ખર્ચ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

આગામી સમયમાં યજ્ઞશાળા, દુધિયા તળાવ પાસે બૃહદ ભોજનશાળા અને પ્રવાસીઓના રાત્રિરોકાણ માટેની ભક્તિનિવાસ સુવિધાઓ તેમજ છાસિયા તળાવ પાસેથી સીધી જ માતાજીના મંદિર સુધી પહોંચતી બે મોટી લિફ્ટ ઊભી કરવામાં આવશે. પાવાગઢ પર્વત પર માતાજીના મંદિરના સમગ્ર સંકૂલની પ્રદક્ષિણા થાય એ રીતે દુધિયા અને છાસિયા તળાવને જોડતો પ્રદક્ષિણાપથ તૈયાર કરવામાં આવશે. માંચી પાસે અતિથિગૃહ અને મલ્ટી લેવલ પાર્કિંગનું નિર્માણ કરવામાં આવશે. આજુબાજુમાં પર્વત પર વનવિભાગના સહયોગથી મોટા પાયે વૃક્ષારોપણ કરાશે.

(Sources & Photo Courtesy : www.deshgujarat.com, https://zeenews.india.com, https://en-media.thebetterindia.com, www.gujarattourism.com)



નવનિર્મિત મંદિર



# કચ્છી માડુંઓનું નૂતન વર્ષ: અષાઢી બીજ

મરુ, મેરું અને મેરામણના પ્રદેશ કચ્છનું નવું વર્ષ અષાઢી બીજે (આ વર્ષે પહેલી જુલાઇએ) આવી રહ્યું છે. અષાઢી બીજે નવું વર્ષ ઊજવવા પાછળ ઘણી કથાઓ છે, પરંતુ પ્રચલિત માન્યતા પ્રમાણે વિક્રમ સંવત ૧૨૩૧માં જામ રાયધણજીએ કચ્છની સત્તા હસ્તગત કરી હતી ત્યારથી અષાઢી બીજે નવું વર્ષ મનાવાય છે. કચ્છના રાજવી ખેંગારજી ત્રીજાએ પોતાની જન્મતિથિથી કચ્છી પંચાંગ શરૂ કરાવ્યું હતું. વિક્રમ સંવત કરતાં ચાર માસ આગળ કચ્છી નવું વર્ષ ઊજવાય છે. કચ્છી પંચાંગની વિશેષતા એ છે કે એ પંચાંગમાં ભારતના પ્રમાણ સમય ઉપરાંત કચ્છના સ્થાનિક સમયની નોંધ પણ રહે છે.

અષાઢી બીજનું વરસાદ, ધાર્મિક પરંપરા, કચ્છી કેલેન્ડર અને કચ્છના રાજવંશ સાથે મહત્ત્વ જોડાયેલું છે. કહેવાય છે કે રાજાશાહીના સમયે અષાઢી બીજના દિવસે કચ્છી પંચાંગ બહાર પાડવામાં આવતું હતું. ટંકશાળમાં નવા સિક્કાઓ બનાવવાનું કામ પણ શરૂ કરાતું હતું.

વળી, કચ્છમાં પહેલો વરસાદ એ ઉત્સવ છે. લોકો જેઠ મહિનામાં વરસાદની વાટ ભલે ન જુએ, પરંતુ અષાઢી બીજ કોરી ન જાય તેવું જરૂર ઇચ્છે છે. કચ્છીઓમાં અષાઢી બીજે વરસાદને લઈને કહેવત પડી ગઈ છે કે, ‘અષાઢી બીજ વંડર કા વીજ’ અહીંના લોકોની માન્યતા છે કે જો અષાઢી બીજના દિવસે મેઘરાજાની પધરામણી થાય તો વર્ષ શુકનવંતું ગણાય છે. કચ્છી નવું વર્ષ અષાઢી બીજથી શરૂ થવા પાછળ અનેક કથાઓ ઇતિહાસકારોએ નોંધી છે.

એક કથા પ્રમાણે કેરાકોટને પોતાની રાજધાની બનાવનાર જામ લાખા ફુલાણી તેજસ્વી, ચતુર અને શૂરવીર રાજવી હતા. એક દિવસ તેમને વિચાર આવ્યો કે આ ધરતીનો છેડો ક્યાં હશે? મનમાં આવેલા વિચારને અમલમાં મૂકીને તેઓ ધરતીનો છેડો શોધવા માટે નીકળી પડયા. મહિનાઓની રઝળપાટ પછી તેઓ નિરાશ થઈને પાછા ફર્યા. તે પાછા આવ્યા ત્યારે ચોમાસું બેસી ગયું હતું, વરસાદ પડી ગયો હતો. વન ફૂલ્યુંફાલ્યું હતું, જળાશયો પાણીથી ભરેલાં હતાં. પોતાની માભોમને લીલીછમ્મ જોઈને લાખા ફુલાણીને ખૂબ જ આનંદ થયો. તે કેરાકોટ પહોંચ્યા એ દિવસ અષાઢી બીજનો હતો. તેથી જામ લાખા ફુલાણીએ એ દિવસને નવા વર્ષ તરીકે ઊજવવાનું ફરમાન બહાર પાડયું. ત્યારથી કચ્છમાં નવું વર્ષ અષાઢી બીજથી ઊજવવાનું શરૂ થયું.

કચ્છની સ્થાપના ખેંગારજી પહેલાએ સંવત ૧૬૦૫માં માગશર સુદ પાંચમે કરી હતી, પરંતુ કચ્છી નવું વર્ષ અષાઢી બીજથી ગણવાનું અને એની ઉજવણી કરવાનું જાડેજા શાસનકાળમાં યથાવત્ રહ્યું હતું.

કચ્છનાં મહત્ત્વનાં શહેરો જેમ કે મુંદ્રા, ભુજ, અંજાર, માંડવી સહિત દુનિયાભરમાં જ્યાં પણ કચ્છી માડુંઓ વસે છે ત્યાં અષાઢી બીજે નવા વર્ષની હર્ષોલ્લાસ સાથે ઉજવણી થાય છે. મુંબઈ જઈને વસેલા કચ્છી માડુંઓ ત્યાં પણ નવા વર્ષની ઉજવણી કરવાનું નથી ચૂકતાં. લોકો આ દિવસે સ્નાનાદિકાર્યથી પરવારી, નવાં કપડાં પહેરી, દેવદર્શન કરીને એકબીજાના ઘરે જઈને નવા વર્ષની શુભેચ્છાઓ આપે છે. કારીગરો પોતાનાં ઓજારોની પૂજા કરે છે. કચ્છના દરિયાખેડુઓ એ દિવસે દરિયાદેવની પૂજા કરે છે. વેપારી પેઢીઓ વહાણોની પૂજા કરાવે છે. ભૂતકાળમાં વેપારીઓ, વહીવટદારો, શ્રેષ્ઠીઓ રાજાને શુભેચ્છા આપીને કીમતી ભેટ આપતાં. કચ્છમાં તે સમયે કેરી થતી. તેથી તે દિવસે બાળકોને કેરી વહેંચવાની પ્રથા પણ હતી. એવુંય કહેવાય છે કે કચ્છના નાગર જ્ઞાતિના લોકો ઘરના મુખ્ય પ્રવેશદ્વારની બંને બાજુ સિંહ અને હાથીનાં ચિત્રો અષાઢી બીજના દિવસે ફરીથી દોરાવતા હતા. તે દિવસે લાપસી રાંધીને ખાવાની પરંપરા પણ છે.

(Source : www.gujarat-samachar.com)






# વરસાદનો વરતારો

## કરવાનું દેશી શાસ્ત્ર

ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં વરસાદનું ખૂબ મહત્વ છે. વેદમાં આર્યોએ પરજન્ય-વરસાદને દેવ કહ્યો છે. ઇન્દ્ર અને વરુણને પણ વર્ષાના દેવ માન્યા છે. પ્રાચીન કાળમાં વરસાદનું રહસ્ય ઘણું મોટું હતું. એનો ભેદ ઉકેલવા આજેય વાયુશાસ્ત્રીઓ મથી રહ્યા છે. ચોમાસું ક્યારે નબળું પડશે અને ક્યારે જોર પકડશે તે આજેય કહી શકાતું નથી. કહેવાય છે કે ઋતુચક્રનો આધાર વાયુ-પવન છે. ઉત્તર અને દક્ષિણ ધ્રુવપ્રદેશોમાંથી નીકળતા પવન ઉપર વરસાદનો ઘણો આધાર છે. પ્રાચીન આર્યોએ પ્રકાશ અને વાયુનું ગણિત રચ્યું હતું, પરંતુ કાળે કરીને નાશ પામ્યું હોવાનું કહેવાય છે.

આમ પ્રાચીન ભારતમાં વિવિધ પ્રકારની વિદ્યાઓ વિકાસ પામી હતી. એમાંની એક વિદ્યા વર્ષા અંગેની હતી. વર્ષાવિજ્ઞાનનું જ્ઞાન લોકજીવનમાં પરાપૂર્વથી પરંપરાગત રીતે ચાલ્યું આવે છે. પ્રકૃતિના ખોળે વિહરતા અનુભવી ઋષિમુનિઓએ અને હૈયાંઉકલતવાળા માનવીઓએ હવા, હવાની દિશા, ઠંડી, ગરમી, વાદળાં, વાદળાંની ગતિ, પશુપક્ષી અને જીવજંતુઓની ચેષ્ટા પરથી વરસાદના વરતારા આપ્યા છે. કુદરતના મિજાજને જાણવા માટે જે પ્રયાસો થયેલા તેને ગામડાંના અનુભવી લોકોએ જીંદગીના અનુભવના નીચોડરૂપ કહેવતો, ટૂંકા સૂત્રો, દૂહાઓ રચીને એ વાણીને લોકો વચ્ચે વહેતી મૂકેલી જે ભડલી વાક્યોના નામે લોકસાહિત્યમાં પ્રલચિત છે. કચ્છ-સૌરાષ્ટ્રના લોકજીવનમાં નાગજી મહારાજ રચિત સાઠ સંવત્સરી, કુંડળિયા અને લોકકવિઓ રચિત વર્ષાના વરતારા આપતા દોહરા ખૂબ જાણીતા છે.

જૂના જમાનામાં જ્યારે આજની જેમ વેધશાળાઓ નહોતી ત્યારે આ વરતારા ખેડૂતોને માટે આશીર્વાદરૂપ બની રહેતા, વરસાદના આ વરતારા કોઇ તરંગી માનવીના ભેજાની પેદાશ નહોતી પણ એની પાછળ વિજ્ઞાનની ચોક્કસ દ્રષ્ટિ હતી. એ વરતારાના આધારે ખેડૂતો વિવિધ અનાજ વાવતાં, ધનધાન્ય સંઘરતાં, દુષ્કાળની પૂર્વતૈયારીઓ કરતા.



ગામડાના અભણ અનુભવી અને કોઠાસૂઝવાળા લોકવિદ્યાના માલમીઓ પંખીઓના માળા, પક્ષીઓની બોલી, જીવજંતુઓની હરફર, પશુપક્ષીઓના ચાળા તથા ધાતુપાત્રો અને ખાદ્ય પદાર્થોમાં થતાં પરિવર્તન પરથી વરસાદની સચોટ આગાહીઓ આપે છે.

આપણે ત્યાં મેઘરાજાના મંડાણ થશે કે નહીં તેની આગાહી માટેની અનોખી રીતો પ્રચલિત બની છે. વર્ષના નક્ષત્રયોગ, ચઇતરની ગાલ્લી, અખાત્રીજનો વાયુ, અષાઢનો હાંડો, શ્રાવણના બળેવિયા, ભાદરવાની ગાંઠ, અષાઢી પાંચમની વીજળી, હુતાશણીના ધૂમાડાની દિશા અને દેવપોઢી એકાદશીના વાર યોગ, પશુપક્ષી અને જીવજંતુના માળા, ચાળા, અવાજ અને વર્તન જેવા લોકજ્યોતિષથી વરસાદની આગાહી મેળવાય છે.

ચોમાસામાં કયા મહિનામાં કેટલો વરસાદ થશે એ જાણવા માલધારીઓ વગડામાં ટિટોડીના ઇંડાનું સ્થળ જુએ છે. જો ટિટોડી નદીના તળમાં કે કાંઠાની નજીક ઇંડાં મૂકે તો વરસાદ મોડો આવે, કારણ ટિટોડીનાં ઇંડામાંથી બચ્ચાં બહાર ન આવે ત્યાં સુધી નદીમાં પૂર આવતું નથી. ટિટોડીનાં ઇંડા મૂકવાનો સમય જેઠ-અષાઢનો ગણાય. મોટેભાગે એ ચાર ઇંડા મૂકે છે. તેને ચાર માસની સંજ્ઞા પણ અપાય છે. તેમાં જેટલાં ઇંડા ઉભાં હોય એટલા માસમાં વધુ વરસાદ પડે, ઉંચે માળો બાંધે તો પણ વરસાદ વધુ આવે એવી લોકમાન્યતા જાણીતી છે.

ચોમાસાનો વરતારો કરવામાં માટે ચૈત્રી દનૈયા જોવાની પણ પ્રથા છે. ચૈત્રી દનૈયાની શરૂઆત ચૈત્ર મહિનાના વદ પક્ષમાં એટલે કે અંધારિયાના દિવસોમાં થાય છે. નવ દિવસોની ગણતરી લેવામાં આવે છે. ચૈત્ર વદ પાંચમથી લઇ અને ચૈત્ર વદ તેરસ સુધીના દિવસો ચૈત્રી દનૈયા ગણાય છે. કોઇ તિથિનો ક્ષય થતો હોય અથવા કોઈ તિથિનો વધારો હોય, તો પણ ચૈત્ર વદ પાંચમથી સળંગ નવ દિવસોની ગણતરી કરવામાં આવે છે. પ્રથમ દનૈયાની ગણતરી પ્રથમ નક્ષત્ર સાથે કરાય છે, દાખલા તરીકે પ્રથમ દનૈયુ એટલે મૃગશીર્ષ નક્ષત્રની ગણતરી



એ રીતે બીજું દનૈયુ એટલે અદ્રા નક્ષત્ર. એ પ્રમાણે નવ દિવસના દનૈયા પ્રમાણે ક્રમશ નક્ષત્ર ગણવામાં આવે છે. દનૈયાના દિવસોમાં એકદમ ઊંચું તાપમાન નોંધાવું જોઈએ એટલે કે આકરો તાપ પડવો જોઈયે. જેટલું દનૈયુ તપે એટલું સારું ગણવામાં આવે છે. અને તે નક્ષત્રમાં સારો વરસાદ જોવા મળે છે. દનૈયાના દિવસોમાં ઠંડો પવન ફૂંકાવો ન જોઈએ. જો ઠંડો પવન ફુંકાય તો, તે દનૈયુ ગળી જાય છે એટલે કે નિષ્ફળ જાય છે. દનૈયાના દિવસોમાં હવામાન એકદમ ચોખ્ખું રહેવું જોઈએ. આકાશમાં વાદળનું બંધારણ થવું ન જોઈએ. જો આ દિવસો દરમિયાન આકાશમાં વાદળ બંધાય તો, તે દનૈયુ નિષ્ફળ જાય છે. દનૈયાના દિવસોમાં ઝાકળ પણ આવવી ન જોઇએ. હવામાન ચોખ્ખું રહે અને સાથે સાથે આકરો તાપ આ દિવસોમાં પડે તો, તે દનૈયુ પૂરેપૂરું પરિપકવ બને છે અને ચોમાસામાં સારો વરસાદ આપે છે. જો બધા દનૈયા પાકે તો, આવનારું ચોમાસું સોળઆની સાબિત થાય છે.

હોળીના પવન ઉપરથી પણ વર્ષનો વરતારો થાય છે. એક ભડલી વાક્ય ખૂબ જ પ્રચલિત છે, 'હોળી દિનનો કરો વિચાર, શુભ અશુભ ફળ સાર, પશ્ચિમનો વાયુ વાય એજ સમય સારો કહેવાય'. હોળી શુભ મુહૂર્તમાં જ્યારે પ્રગટાવવામાં આવે છે, ત્યારે હોળીની ઝાળ કઈ દિશામાં જાય છે તેનું ખાસ અવલોકન કરવામાં આવે છે. જો પશ્ચિમનો પવન ફૂંકાતો હોય અને પૂર્વ દિશામાં હોળીની ઝાળ જાય તો, ચોમાસે વરસાદ બેસુમાર વરસે. જો પૂર્વનો પવન ફૂંકાય અને હોળીની ઝાળ પશ્ચિમમાં જાય તો, વર્ષ આઠ આની થાય. ખંડવૃષ્ટીનું જોર વધુ રહે. જો ઉત્તર દિશાનો પવન ફૂંકાય અને હોળીની ઝાળ દક્ષિણ દિશામાં જાય તો, તે વર્ષે નદી-નાળા છલકાઈ, ધન-ધાન્યના ઢગલા થાય એવું શુકનવંતુ વર્ષ સાબિત થાય છે. પરંતુ જો દક્ષિણ દિશાનો પવન ફૂંકાય અને હોળીની ઝાળ ઉત્તર દિશામાં જાય તો દુષ્કાળના ડાકલા વાગે છે. ઈશાન ખૂણામાંથી પવન ફૂંકાઈ અને નૈઋત્ય ખૂણામાં હોળીની ઝાળ જાય તો, વર્ષ સોળ આની સાબિત થાય છે. અને જો નૈઋત્ય ખૂણાનો પવન વાય અને હોળીની ઝાળ ઇશાન દિશામાં જાય તો, એ વર્ષ મધ્યમ સાબિત થાય છે. રોગ-જીવાતનું પ્રમાણ વધુ રહે છે. વરસાદ વહેલો થાય છે, પરંતુ તે વર્ષે અવારનવાર વાયરાઓ જોવા મળે છે. જો વાયવ્ય ખૂણાનો પવન ફૂંકાતો હોય અને હોળીની ઝાળ અગ્નિ ખૂણામાં જાય તો, પવન સાથે વરસાદનું જોર વધુ રહે છે. અને વરસાદ પણ સારો પડે છે. માટે આ પવન હોય તો ચિંતા કરવી નહીં. કેમકે આ પવનને સારો ગણવામાં આવે છે. પરંતુ અગ્નિ ખૂણામાંથી પવન ફૂંકાય અને હોળીની ઝાળ વાયવ્ય ખૂણામાં જાય તો, તે વર્ષ દુષ્કાળમય રહે છે. વરસાદ ખૂબ જ ઓછો પડે છે.




આ ઉપરાંત કેટલા સંકેતો પણ જોવામાં આવે છે. ચોમાસામાં પવન રોકાઈ જાય, બાફ વધી જાય, માછલીઓ પાણીમાંથી બહાર જમીન ઉપર આવતી હોય અને દેડકાઓ બોલતા હોય ત્યારે વરસાદ નજીકમાં જ છે એવું માનવું. વર્ષાઋતુ દરમિયાન જ્યારે બિલાડી પગથી જમીન ખોદે, કીડીઓ પોતાના ઇંડા લઈને ઉપર ચડે, આ સમયે વરસાદ નજીક છે એમ સમજવું. ચોમાસામાં ગાયો ઊંચું મોઢું કરીને જુએ અને કાચીડા ઊંચી ડોક કરી સૂર્ય સામે જોવે ત્યારે સમજવું કે વરસાદ નજીક છે. પશુઓ અને કુતરાઓ ઘર છોડે નહીં, પક્ષીઓ ધૂળમાં સ્નાન કરે, અને જમીનમાં રહેવાવાળા સાપ, વીંછી જેવા જંતુઓ બહાર આવી અને ઊંચી જગ્યાએ ચડે ત્યારે વરસાદ ખૂબ જ નજીક છે એવું માનવું. માટલાનું પાણી ગરમ થાય, આકાશનો રંગ શ્યામ થાય ત્યારે વરસાદ ખૂબ જ નજીક છે. બપૈયો પક્ષી એકધારો બોલે ત્યારે નજીકના દિવસોમાં ખૂબ જ સારા વરસાદનો રાઉન્ડ આવી રહ્યો છે એ વાત માનવું. સાપ જો વૃક્ષ ઉપર ચડતો જણાય, તો નજીકના દિવસોમાં ભારેથી અતિ ભારે વરસાદનો રાઉન્ડ આવશે. આવી ઘણી દેશી પદ્ધતિઓ પ્રાચીન કાળથી વરસાદની આગાહી કરવા માટે વપરાય છે.



રેતી સ્નાન કરી રહેલી ચકલી



બપૈયો

(Sources & Photo Courtesy : https://shareinindia.in, https://weathertv.in, http://photos.demandstudios.com, www.windowtonews.com)